હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

હે પ્રભુ હવે, કોઈ કોઈને ગાળો નથી દેતુ, આક્ષેપ નથી કરતું, બદનામ કરવા પ્રયત્ન નથી કરતું તો શું, કળીયુગ સમાપ્ત થઈ ગયો છે કે પછી આ ચૂંટણી પ્રચાર પૂરો થયાની નિશાની છે ?

ચાલુ વર્ષે જિલ્લામાં માત્ર ૨૦૭૭ મકાન માલિકોએ ભાડુઆતની નોંધણી સ્થાનિક પોલીસ મથકે કરાવી

ગત વર્ષ કરતા ચાલુ વર્ષે શહેરી વિસ્તારમાં મકાન માલિકોએ ભાડુઆતોની નોંધણી સ્થાનિક પોલીસમાં ઓછી કરાવી છે

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેર એ શિક્ષણ નગરી બની ગઈ છે, લાખો વિદ્યાર્થીઓ અહી અભ્યાસ કરે છે. શહેરમાં જાણીતી શૈક્ષણિક સંસ્થાઓ અને યુનિવર્સિટની પગલે લાખો વિદ્યાર્થીઓ શહેરમાં અભ્યાસ કરી રહ્યા છે. તેની સાથો સાથે સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારીઓ કરતા યુવક-યુવતિઓની સંખ્યા પણ સવિશેષ છે. શહેરમાં સ્પર્ધાત્કમ પરિક્ષાની ૫૦ થી વધુ હાટડીઓ ધમધમી રહી છે. જેથી શહેરમાં પેઈંગ ગેસ્ટ, હોસ્ટેલ અને મકાનના ભાડા ઉંચકાયા છે. મકાનના ભાડા ઉંચકાતા મકાન માલિકોએ પોતાના ઘર પર ભાડાની લાલચે બાંધકામ પણ કરી દીધા છે. યુવકો તેમજ નોકરીયાતો પાસેથી ઉંચુ ભાડુ વસુલી કરતા મકાન માલિકો ભાડા કરાર તો કરાવી દે છે પરંતુ પોલીસમાં ભાડુઆત અંગે કોઈ જાણ કરતા નથી. સ્થાનિક પોલીસ મથકમાં ભાડુઆતની જાણ કરવી આવશ્યક છે.છતા હોતી હે ચલતી હૈની નીતી મકાન માલિકો અપનાવી રહ્યા છે. ભાડુઆત અંગે મકાન માલિકે સ્થાનિક પોલીસમાં નોંધણી માટે કલેકટર દ્વારા જાહેરનામું બહાર પડાયું છે. તેમ છતા સમગ્ર જિલ્લામાંથી માત્રને માત્ર ૨૦૭૭ મકાન માલિકોએ જ સ્થાનિક પોલીસ મથકમાં નોંધણી કરાવી છે. મકાન માલિકોની બેદરકારીને પગલે પોલીસે પાછલા બે વર્ષમાં ૧૧ કેસ પણ કર્યા છે. મોટાભાગના મકાન માલિકોને માત્ર ભાડમાં જ રસ હોય છે ભાડુઆત શુ કરે છે કયાનો છે તે પણ પ્રાથમિક માહિતી હોતી નથી. વર્ષ-૨૦૧૯ માં ભાડુઆત અંગે સ્થાનિક પોલીસ મથકમાં જાણ કરવાના મામલે સેકટર-૭ પોલીસ સ્ટેશનના વિસ્તારમાં મકાન માલિકો સૌથી વધુ જાગૃત છે. જયારે સૌથી વધુ બેદરકારી રખિયાલ પોલીસ મથકમાં જોવા મળી છે. રખીયાલમાં માત્ર ૧૨ મકાન માલિકોએ ભાડુઆત અંગે નોંધણી કરાવી છે. પોલીસ તંત્ર દ્વારા મકાન માલિક જાગૃત બને તે માટે સમયાંતરે કાર્યવાહી હાથ ધરાય છે. જેને અનુલક્ષી બે વર્ષમાં એસઓજી દ્વારા સાત અને સાંતેજ પોલીસ દ્વારા ચાર કેસ દાખલ કરવામાં આવ્યા હતા. ભાડુઆત અંગે સ્થાનિક પોલીસને જાણ કરવા માટે અધિક કલેકટરે બહાર પાડેલા જાહેરનામાની મુદત મે માસના છેલ્લા અઠવાડીયમાં પુર્ણ થઈ રહી છે. વર્ષ ૨૦૧૮ માં ૪૧૭૧ મકાન માલિકોએ બાડુઆત અંગે સ્થાનિક પોલીસને જાણ કરી હતી. જયારે વર્ષ ૨૦૧૯માં હજુ સુધી માત્ર ૨૦૭૭ મકાન માલિકો જ જાગૃત બનીને નોંધણી કરાવી છે. પાટનગરમાં સેકટરોના ટેનામેન્ટ હવે બે ત્રણ માળમાં ફેરવાઈ ગયા છે જેમાં બે કે તેથી વધુ ભાડુઆત રહેતા હોવાના કિસ્સા પણ સામાન્ય બની જવા પામ્યા છે. ત્યારે આવા બેદરકારીવાળા મકાન માલિકોને શોધવા માટે આગામી સમયમાં પોલીસ તંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર એસ.ટી. ડેપોમાં વધુ એક ચેઈન સ્નેચીંગ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરના એસટી ડેપોમાંથી છેલ્લા ઘણા સમયથી ગઠીયા ટોળકી સક્રિય થઈ છે. આ ચોર ટોળકી મુસાફરોના ખિસ્સા હળવા કરી રહ્યા છે. ત્યારે એસટી ડેપોમાં ચેઈન સ્નેચીંગના કિસ્સા પણ વધી રહ્યા છે. આજે બપોરના સમયે ગાંધીનગર એસટી ડેપોમાં અમદાવાદની બસમાં બેસવા માટે જતી યુવતિ મુસાફરના ગળામાંથી ગઠીયો સોનાનો દોરો તોડી પળવારમાં અદ્રશ્ય થઈ ગયો હતો. પોતાના ગળામાં પહેરેલો સોનાનો દોરો તુટતા જ યુવતિને જાણ થતા બુમાબુમ કરી હતી. જેથી

એસટીના કર્મચારીઓ અને અન્ય મુસાફરો દોડી આવ્યા હતા અને ગઠીયા અંગે શોધખોળ આદરી હતી પરંતુ ગઠીયો હાથ લાગ્યો ન હતો. બનાવ અંગે યુવતિએ સે-૭ પોલીસ મથકે સોનાના દોરાની ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સિવિલમાં વાહન ચોરી અને એસટી ડેપોમાં પાકીટ અને સોનાની ચેઈન તોડનારા ગઠીયાઓનો ત્રાસ વધી જવા પામ્યો છે. ત્યારે પોલીસ પણ આ ગઠીયાઓને પકડવા માટે કમરકસી રહી છે.

વાસણ ગામ પાસે બાઈક સ્લીપ થતા ઈજાગ્રસ્ત યુવાનનું સારવાર દરમિયાન મૃત્યુ

ગાંધીનગર,તા.૧૭

ગાંધીનગર નજીક આવેલા વાસણ ગામ પાસે ગત તા.૧૨ મેના રોજ યુવકને અકસ્માત નડ્યો હતો. જેમાં ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલીક સારવાર માટે અમદાવાદ સિવિલ લઈ જવાયા હતા. જયા સારવાર દરમિયાન યુવકનું બુધવારના રોજ મૃત્યું નિપજયું હતું.

મળતી માહિતી મુજબ અમદાવાદ અસારવા પોપટની ચાલીમાં રહેતો યુવક પંકજ જશવંતભાઈ વાઘેલા ગત તા.૧૨ મેના રોજ કુટુંબમાં બહેનના લગ્ન હોવાથી માણસા તાલુકાના ધોળાકુવા ગામે આવવા નીકળ્યો હતો. રાત્રે ૮ વાગ્યાના અરસામાં યુવકના પિતા જશવંતભાઈએ ફોન કરતા અજાણી વ્યકિતએ ફોન ઉપાડ્યો હતો અને કહ્યું હતું કે તમારા પુત્રનું બાઈક વાસણ ગામ પાસે સ્લીપ થઈ જતા અકસ્માત થયો છે. જેને પગલે તાત્કાલીક ઘટના સ્થળે દોડી આવેલા પરિવારના સભ્યોએ ગંભીર રીતે ઘાયલ યુવાનને ગાંધીનગર સિવિલ ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ લઈ જવાયો હતો.જયાં બુધવારના રોજ રાત્રીએ યુવકનું સારવાર દરમિયાન મૃત્યું નિપજયું હતું.

શહેરમાં રાષ્ટ્રીય કુમ્હાર મહાસભાની બેઠક યોજાશે

રાષ્ટ્રીય કુમ્હાર મહાસભા, નવી દિલ્હી ગુજરાત પ્રદેશની વાર્ષિક સાધારણ સભાની બેઠક વિરચંદભાઈ પ્રજાપતિ પ્રદેશ અધ્યક્ષ ગુજરાતના અધ્યક્ષ સ્થાને તથા લક્ષ્મીચંદજી પ્રજાપતિ રાષ્ટ્રીય અધ્યક્ષ અને બાબુલાલ રેનવાલજી રાષ્ટ્રીય મુખ્ય મહાસચિવની ખાસ ઉપસ્થિતિમાં આગામી તા. ૧૯ મે ને રવિવારના રોજ સવારે ૯ કલાકે સ્ટાફ ટ્રેનીંગ કોલેજના ઓડીટોરીયમ હોલ, ચ-૫ સર્કલ પાસે, ચ માર્ગ ગાંધીનગર ખાતે આગામી કાર્યક્રમોની ચર્ચા, વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૨ના પદાધિકારીઓની વરણી, સહિતના પડતર પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવશે. આ પ્રસંગે સર્વે પ્રદેશ-જિલ્લાના પદાધિકારીઓ અને આજીવન સભ્યોને હાજર રહેવા માટે મહાસભા દ્વારા અનુરોધ કરાયો છે.

સેકટર-૨૨માંથી યુવતિ ગુમ થયેલ છે

ગાંધીનગર, તા.૧૭

શહેરના સેકટર-૨૧ પોલીસ મથકમાં નોંધાયેલી જાણવા જોગ ફરીયાદ મુજબ શહેરના સેકટર-

૨૨ બ્લોક નં. ૫૭-ફ ખાતે રહેતા મનોજકુમાર જેઠાલાલ સોલંકીની દિકરી મૌલિકાબેન મનોજકુમાર સોલંકી (ઉં.વ.-૧૯) ગત તા. ૨૦ માર્ચના રોજ સાંજના પાંચ વાગ્યાના અરસામાં ઘરેથી સ્વામીનારાયણ મંદિર જવાનું કહીને ઘરેથી નીકળી ગયા છે અને આજદિન સુધી પરત ફર્યા નથી. ગુમ થનાર યુવતિ ગોરા વર્ણની, આશરે પાંચ ફુટ ઉંચાઈ મધ્યમ બાંધાની છે. તે ગુજરાતી, હીન્દી ભાષા જાણે છે. તેણીએ શરીરે ગુલાબી કલરનું ડીઝાઈનવાળુ ટોપ તેમજ પાયજામો અને રામા કલરનો દુપટ્ટો ઓઢેલ હતો. યુવતિએ ધોરણ-૧૦ સુધી અભ્યાસ કર્યો છે.

ગાય આડી આવતા વાન ઝાડમાં ઘુસી જતા યુવકનું મૃત્યુ

વડોદરા પાટીયાથી ગલુદણ ગામના માર્ગ વચ્ચે અકસ્માત સર્જાયો હતો

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર તાલુકાના વડોદરા પાટીયાથી ગલુદણ ગામ વચ્ચેના માર્ગ પર પસાર થઈ રહેલી વાનની આડે અચાનક ગાય આવી જતા વાન પરનો કાબુ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ગલુદણ ગામના સરપંચના પુત્રનું મૃત્યું નિપજયું હતું. જયારે અન્ય પુત્રને શરીરે નાની મોટી ઈજાઓ પહોંચતા દહેગામ અને બાદમાં વધુ સારવાર માટે ગાંધીનગર સિવિલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. બંન્ને ભાઈઓ અને ગામના યુવાનો રખીયાલમાં લગ્ન પ્રસંગ હોવાથી ફુલોની ચોરી સજાવીને પરત ફરી રહ્યા હતા ત્યારે અકસ્માત સર્જાયો હતો. બનાવ અંગે ડભોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ડભોડા પોલીસ મથકથી મળતી માહિતી પ્રમાણે ગાંધીનગર તાલુકાના ગલુદણ ગામના સરપંચ બળદેવજી ઠાકોરનો ફુલ ડેકોરેશનનો વેપાર-ધંધો કરે છે. બુધવારના રાત્રીના એક વાગ્યાના અરસામાં તેમના બંન્ને દિકરાઓ આશિષ અને કિરણ ગામના ત્રણ યુવકો સાથે રખીયાલ ગામે લગ્નમાં ફુલ ડેકોરેશન માટે ગયા હતા. ફુલોથી ચોરી સજાવટનું કામ પૂર્ણ કરીને સવારે ૬ વાગ્યાના સુમારે તેઓ ગલુદણ પરત ફરી રહ્યા હતા. તે સમયે કિરણ મારુતી વાન ચલાવતો હતો અને આશિષ બાજુની સીટમાં બેઠો હતો. જયારે ગામના ત્રણ યુવાનો પાછળની સાઈડમાં બેઠા હતા. વડોદરા પાટીયાથી ગલુદણના માર્ગ પર વાન પસાર થઈ રહી હતી તે સમયે અચાનક માર્ગ વચાળે ગાય આવી જતા વાન ચલાવી રહેલા કિરણે બ્રેક મારી હતી. જેથી કાર માર્ગની બાજુમાં ફેન્સીગ તોડીને વૃક્ષમાં ઘુસી ગઈ હતી. જેને પગલે આગળ બેઠેલા કિરણ અને આશિષને શરીરે હાથે પગે, માથાના ભાગે ઈજા પહોંચી હતી. જયારે પાછળ બેઠેલા ગામના યુવાનોને બેઠો માર વાગ્યો હતો. અકસ્માતને પગલે આસપાસમાંથી દોડી આવેલા નાગરીકોએ યુવકોને દહેગામ સરકારી દવાખાને લઈ ગયા હતા.જયા ફરજ પરના ડોકટરે આશિષને મૃત જાહેર કર્યો હતો. જયારે કિરણને વધુ ઈજા થતા ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.ગલુદણ ગામના સરપંચના પુત્રનું અકસ્માતમાં મૃત્યું થતા સમગ્ર ગામમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. બનાવ સમયે સાથે રહેલા ગામના જગદીશ ઠાકોરની ફરીયાદ લઈ ડભોડા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

વિજ્ઞાન પ્રવાહ સરકારી શાળા સમગ્ર દહેગામમાં દ્વિતીય ક્રમે

ગાંધીનગર, તા. ૧૭

દહેગામની સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિજ્ઞાન પ્રવાહ ધો. ૧૧ અને ૧૨નુ શાળાનું પરિણામ આ વર્ષે ૭૩.૯૧ ટકા આવ્યુ છે. જે દર વર્ષ કરતાં વધુ છે. ઉલ્લેખનીય છે કે શાળામાં જૂન-૨૦૦૯ થી વિજ્ઞાન પ્રવાહના વર્ગો ચાલે છે અને ત્યારથી લઈ આજ સુધીમાં ૨૦૧૯ એટલે કે આ વર્ષનું પરીણામ સર્વશ્રેષ્ઠ છે. શાળા સમગ્ર દહેગામમાં દ્વિતીય ક્રમે આવેલ છે. શાળામાંથી બોર્ડની પરીક્ષામાં કુલ ૨૩ વિદ્યાર્થીઓ બેઠા હતા જેમાંથી ૧૭ વિદ્યાર્થીઓ પાસ થયા છે અને શાળાના પ્રથમ ત્રણ ક્રમ અનુક્રમે ઉત્સવ પી. અગ્રવાલ ૭૦.૨૭ ટકા, ઉર્વશી એમ. પટેલ ૬૭.૫૮ ટકા, અર્ચના એન. પટેલ ૬૫.૮૯ ટકા આવેલ છે. સમગ્ર શાળા પરિવાર તરફથી પાસ થનાર દરેક વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવેલ છે.

ચિલોડા ગામમાં વિશ્વ ડેન્ગ્યુ દિવસ અંતર્ગત અવેરનેસ શિબિર યોજાઈ

ચિલોડા, તા. ૧૭

ગાંધીનગર તાલુકાના ચિલોડા સ્થિત ગ્રામ પંચાયત ખાતે પ્રાંતિયા આરોગ્ય કેન્દ્ર દ્વારા ૧૭મી મે વિશ્વ ડેન્ગ્યુ દિનની ઉજવણીના ભાગરૂપે સરપંચ શ્રીમતી વસુમતીબેન

પટેલના અધ્યક્ષસ્થાને ડેન્ગ્યુ જનજાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં પ્રાંતિયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના આયુષ મેડિકલ ઓફિસર સોનલબેન કાપડિયા અને સામાજિક કાર્યકર નટુભાઈ પટેલ, મલ્ટીપરપઝ હેલ્થ કાર્યકરે શિબિરમાં ઉપસ્થિત ગ્રામજનોને ડેન્ગ્યુ થવાના કારણો, લક્ષણો, મચ્છર ઉત્પતિ અટકાવવાના પગલાં, ડેન્ગ્યુ નિવારણ અને બચવા માટે જરૂરી પ્રાથમિક ઉપાયો, ડેન્ગ્યુ રોગના નિયંત્રણ માટે તેમજ ઉપદ્રવ અટકાવવા માટે પાણીના ખાડા-ખાબોચિયા પૂરી દેવા, પાણીના સ્ત્રોતને ઢાંકવા, નિયમિત સાફ કરવા, બંધિયાર પાણીની સપાટી ઉપર તેલનું આવરણ કરવું, ઘરમાં મચ્છરોનું આશ્રયસ્થાનને ચોકસાઈ રાખવી વગેરે બાબતો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ શિબિરમાં ખાસ પ્રાંતિયા પી.એચ.સી.ના આયુષ મેડીકલ ઓફિસર સોનલબેન કાપડિયા, અગ્રણી દિનેશભાઈ પટેલ, શામળભાઈ પટેલ, મેઈલ સુપરવાઈઝર ભરતભાઈ વાઘેલા, ફિમેલ સુપરવાઈઝર, શોભનાબેન પટેલ, મલ્ટીપરપઝ હેલ્થ કાર્યકર દિનેશભાઈ પરમાર, સ્ત્રી આરોગ્ય કાર્યકર પ્રિયાબેન પ્રજાપતિ સહિત આશાવર્કર બહેનો, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. શિબિરમાં ખાસ ડેન્ગ્યુ કેવી રીતે ફેલાય તેમજ અટકાયતી પગલાની જાણકારી આપી પોરા નિદર્શન કાર્યક્રમ યોજાયો હતો.

અમદાવાદમાં છેલ્લા સાત વર્ષથી વૃક્ષોની ગણતરી કરાઈ નથી

અમદાવાદ,તા. ૧૭

અમદાવાદ શહેરમાં કાળઝાળ ગરમી વચ્ચે શહેરના નાગરિકો અને પશુ-પક્ષીઓ અને જીવ માત્ર વૃક્ષનો છાંયડો કે બેઘડીનો વિરામ શોધી રહ્યા છે પરંતુ કરૂણ વાસ્તવિકતા એ છે કે, શહેરમાં વૃક્ષોની સંખ્યા બહુ ચિંતાજનક રીતે ઘટી રહી છે. જેના કારણે, અમદાવાદના ગ્રીન કવર સામે ગંભીર ખતરો તોળાઈ રહ્યો છે. જેની સીધી અસરો પર્યાવરણ અને વાતાવરણ પડશે તે નક્કી છે. બીજીબાજુ, અમદાવાદ શહેરમાં છેલલા સાત વર્ષથી શહેરમાં વૃક્ષોની ગણતરી કરાઈ નથી. છેલ્લા સાત વર્ષમાં શહેરમાં તેમ જ એસજી હાઈવે, એસપી રીંગ રોડ સહિતના વિસ્તારોમાં હજારો મહામૂલા અને કિંમતી વૃક્ષોનું નિકંદન કાઢી નાંખવામાં આવ્યું હતું. કેટલાક વિસ્તારોમાં તો સમ ખાવા પૂરતું છાંયડા કે વિસામા માટે એક ઝાડ પણ જોવા મળતુ નથી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આગામી ચોમાસામાં મોટાપાયે વૃક્ષ વાવણીની ઝુંબેશ શરૂ કરશે અને અમદાવાદને ગ્રીન અમદાવાદ બનાવવાની ફરી એકવાર કવાયત હાથ ધરશે. ગત ચોમાસામાં શહેરમાં સવા લાખથી વધુ રોપા વાવ્યાનો અમ્યુકો તંત્રએ દાવો કર્યો હતો પરંતુ તેમાંથી કેટલા ઉગ્યા તે મહત્વનું છે, રોપા ઉગે તે પહેલાં જ તેનો નાશ થઈ જવા પાછળથી તંત્રની ઉદાસીનતા અને યોગ્ય મોનીટરીંગ નહી હોવાની સીસ્ટમ પણ એટલા જ જવાબદાર છે.

સિરિયલ કિલરને શોધવાના પ્રયાસ

ગાંધીનગર જિલ્લાના કોબા અને દંતાલી લૂંટ તેમજ શેરથામાં હત્યાના ગુનાને અંજામ આપતો સિરિયલ કિલિંગના સામે આવેલા કિસ્સાઓ બાદ પોલીસ છેલ્લા ઘણા મહિનાઓથી આ ગુનાઓને અંજામ આપનાર સિરિયલ કિલરને શોધવાના પ્રયાસો કરી રહી છે પરંતુ હજુ સુધી પોલીસને સફળતા મળી નથી. ખાસ કરીને એટીએસ દ્વારા આ મામલે ઝીણવટભરી તપાસ હાથ ધરાઈ રહી છે ત્યારે એટીએસની તપાસમાં એક નવો અને મહત્વનો ખુલાસો સામે આવ્યો છે કે, આ સિરિયલ કિલિંગમાં કિન્નર રાનીની કોઈ સંડોવણી સ્પષ્ટ થતી નથી. એટીએસે કિન્નરની પુછપરછ કરી હતી. ચાર મહિનાથી વધુ સમય વીત્યો હોવાછતાં સિરિયલ કિલર નહી પકડાતાં પોલીસે થોડા સમય પહેલાં તેનો સ્કેચ જારી કરી ઇનામની પણ જાહેરાત કરી હતી.

વર્લ્ડકપનો ક્રિકેટપ્રેમીઓમાં જબરો ઉત્સાહ

ભારતમાંથી દરરોજ યુકેના વીઝા માટે ૩૫૦૦ અરજીઓ થાય છે : ૩૦ મે થી શરૂ થઈ રહેલા વર્લ્ડકપમાં ૮૦,૦૦૦ જેટલા ભારતીયો ઈંગ્લેન્ડની મુસાફરી કરે એવી ધારણા

ગાંધીનગર, તા. ૧૭

ઈંગ્લેન્ડમાં ક્રિકેટ વર્લ્ડકપ જોવા માટે ભારતમાંથી દરરોજ ૩૫૦૦ દેશવાસીઓ યુકેના વીઝા માટે અરજી કરી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. એપ્રિલથી જુલાઈની પીક ટ્રાવેલ સીઝન દરમ્યાન વીઝા માટેની માંગણી નવેમ્બરથી જાન્યુઆરીની પીક ઓફ વિન્ટર સીઝન કરતાં સામાન્યપણે ૧૦૦-૧૫૦ ટકા વધારે હોય છે. ગ્લોબલ ટૂરિઝમ અકીલા કાઉન્સિલનાં સૂત્રોના જણાવ્યા મુજબ સામાન્યપણે દરરોજ યુકે માટે ૧૦૦૦ વીઝાની અરજી થતી હોય છે.

પીક સમરની સીઝન ધ્યાનમાં લઈએ તો ૨૫૦૦ જેટલી અરજીઓ થાય. જોકે સુપરસ્ટાર મહેન્દ્રસિંહ ધોની હવે છેલ્લી વખત રમવાનો હોવાથી આ વીઝાની માંગણી દૈનિક ધોરણે ૧૦૦૦ થી ૧૫૦૦ જેટલી વધી છે. બ્રિટિશ હાઈ કમિશનની એવી ધારણા છે કે ૩૦ મે થી શરૂ થઈ રહેલા વર્લ્ડકપમાં ૮૦,૦૦૦ જેટલા ભારતીયો મુસાફરી કરશે. જોકે એ સામાન્ય વ્યવહારથી પણ વધુ છે. ઉનાળામાં મુસાફરીના મોસમી વધારાને કારણે તેમને મોટી સંખ્યામાં અરજીઓ આવે છે. આ વર્ષે ક્રિકેટને કારણે આ પ્રમાણ વધુ જોવા મળી રહ્યું છે. જોકે વિશ્વમાંથી કેટલી માત્રામાં લોકો ઈંગ્લેન્ડ આવશે એની જાણ નથી, પરંતુ ભારતીયોની ક્રિકેટ પ્રત્યેની ઘેલછા તેમજ અન્ય પૂર્વીય અહેવાલો જોતાં સૌથી વધુ માત્રામાં ભારતીયો જ હશે એવી ધારણા પણ તેઓ સેવી રહ્યા છે. યુકેની વીઝા સર્વિસ પાર્ટનર વીએફએસ ગ્લોબલે જાન્યુઆરીથી એપ્રિલ દરમ્યાન ૨,૦૦,૦૦૦ જેટલી વીઝાની પ્રક્રિયા કરી છે. વીઝા સર્વિસની ડોર સ્ટેપ ડિલિવરી માટેની માંગ ૨૦૧૮માં ૧૪૪ ટકા જેટલી વધી છે અને આ ટ્રેન્ડ હજી ચાલી રહ્યો છે.

યુવાનોની શક્તિ રાષ્ટ્ર શક્તિ છે : મુખ્યમંત્રી વિજય રૂપાણી

કારેલીબાગ સ્વામિનારાયણ મંદિર ખાતે સહજાનંદી યુવા શિબિરનો પ્રારંભ : મુખ્યમંત્રી રૂપાણીની પ્રેરક ઉપસ્થિતિ

ગાંધીનગર,તા.૧૭

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ૨૧ મી સદી ભારતની સદી છે, ત્યારે યુવાનોને આધુનિક ટેકનોલોજીનો મહત્તમ વિનિયોગ કરી સમગ્ર વિશ્વમાં ભારતમાતાને વિશ્વગુરૂ બનાવવા આહવાન કર્યુ હતું.

આ સંદર્ભે મુખ્યમંત્રીએ જણાવ્યુ કે ભારત મહાસત્તા બનવા તરફ આગળ વધી રહ્યુ છે. યુવાનોની શક્તિ એ જ જ્ઞાનશક્તિ છે, ત્યારે યુવાનોને મહત્તમ તકો આપી તેમની રચનાત્મક શકિતઓનો રાષ્ટ્ર ઘડતરમાં ઉપયોગ કરાશે તેમ તેમણે ઉમેર્યુ હતું. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સ્વામિનારાયણ મંદિર, વડોદરા ખાતે ઘનશ્યામ પંચદશાબ્દિ મહોત્સવ ઉજવણીના ભાગરૂપે યોજાયેલ સહજાનંદી યુવા શિબિરને પ.પૂ. જ્ઞાનજીવનદાસજી સ્વામી સંતો મહંતો, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીની ઉપસ્થિતિમાં ખુલ્લી મૂકી હતી. આ અવસરે મુખ્યમંત્રીએ સ્પિરીચ્યુઅલ લીડરશીપ પુસ્તકના ગુજરાતી હિન્દી સંસ્કરણનું વિમોચન કર્યુ હતું. મુખ્યમંત્રીએ મંદિરમાં દર્શન કરી પ.પૂ.જ્ઞાનજીવનદાસ સ્વામીના આશીર્વાદ લીધા હતા. તેમણે જણાવ્યું કે સમગ્ર વિશ્વમાં ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરવા માટે સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા આપણી ઋષિ પરંપરા અનુરૂપ આધ્યાતિમકતા સાથે યુવાનોનું ઘડતર થઈ રહ્યુ છે. જેને પરિણામે ભારતમાં ધાર્મિક, આધ્યાત્મિક અને રાષ્ટ્રવાદનો પાયો મજબૂત બન્યો છે. વિજય રૂપાણીએ સંત પરંપરાને કારણે ધર્મ અને સંસ્કૃતિ સલામત છે તેમ જણાવતા ઉમેર્યુ કે સત્ય, ન્યાય, નીતિ, સદાચારના આધાર પર 'સ્વ'થી સમષ્ટી, 'આત્મા'થી પરમાત્મા અને જીવથી શિવની પ્રાપ્તિ થાય છે. ભારતીય સંસ્કૃતિએ સમગ્ર વિશ્વને દિશા દર્શન કરાવ્યું છે. આપણી સંસ્કૃતિ સર્જન અને સૌના સુખે સુખી-સૌના દુખે દુખી તેમજ બીજાને મદદરૂપ થવાની પ્રેરણા આપે છે તેમ મુખ્યમંત્રીએ જણાવ્યુ હતું.

આઝાદીના જંગમાં વીર ભગતસિંહ, સુખદેવ, રાજગુરૂ જેવા યુવા ક્રાંતિકારીઓએ શહીદી વહોરી ભારતમાતાને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્તિ અપાવી હતી તેનો સવિશેષ ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીએ યુવાનોને સાંસ્કૃતિક, આધ્યાત્મિક અને રાષ્ટ્રવાદ સાથે જીવનમાં ધીરજ-હિંમતપૂર્વક અને નીડરતાથી આગળ વધવાની શીખ આપી હતી.

યુવાનોએ પોતાની સામેના પડકારો જીલીને સમાજ અને રાષ્ટ્રજીવનમાં શ્રેષ્ઠ નેતૃત્વ પુરૂ પાડવા મુખ્યમંત્રીએ જણાવ્યુ હતું.

પત્રકારોની સુરક્ષા મુદ્દે સુરક્ષા સમિતિ દ્વારા રજૂઆત કરાઈ

અમદાવાદ, તા.૧૭

અમદાવાદ શહેર સહિત રાજયભરમાં પત્રકારો પર વધી રહેલા હુમલા અને હિંસક ઘટનાઓને લઈ રાજયભરના પત્રકાર આલમમાં ભારે નારાજગીની સાથે ચિંતાનું મોજુ ફરી વળ્યું છે, ત્યારે સમાજમાં નાગરિકોના પ્રશ્નો અને લોકહિતની સમસ્યાઓને વાચા આપતાં પત્રકારોની સુરક્ષાના સંવેદનશીલ મુદ્દાને લઈ આજે અમદાવાદ શહેરની પત્રકાર સુરક્ષા સમિતિના સભ્યોએ શહેર પોલીસ કમિશનર એ.કે.સિંઘની ખાસ મુલાકાત લીધી હતી. વરિષ્ઠ પત્રકારો હરિભાઈ દેસાઈ, પદ્મકાંતભાઈ ત્રિવેદી, ડો.ધીમંત પુરોહિત, દર્શના જામીનદાર અને અભિજીત ભટ્ટ સહિતના પ્રતિનિધિમંડળે પોલીસ કમિશનરની રૂબરૂ મુલાકાત લઈ

ટીવી નાઈન ચેનલના પત્રકાર ચિરાગ પટેલના રહસ્યમય મૃત્યુ કેસ ઉપરાંત પત્રકારો પર થઈ રહેલા હુમલા અને તેમની પરની હિંસક ઘટનાઓ સહિતના સમગ્ર મામલે વિસ્તૃત રજૂઆત કરી હતી. લગભગ ૫૦ મિનિટ સુધી ચાલેલી બેઠકમાં પોલીસ કમિશનર એ.કે.સિંઘે પણ પત્રકાર સુરક્ષા સમિતિને શાંતિથી સાંભળ્યા હતા અને પત્રકારોની સુરક્ષા મુદ્દે યોગ્ય ખાતરી અને હૈયાધારણ આપ્યા હતા.

પોલીસ કમિશનર સિંઘે પત્રકારો અને પોલીસ સમાજની સેવા અને લોકહિતની સુરક્ષામાં એકબીજાના પૂરક હોવાનો હકારાત્મક અભિગમ વ્યકત કરી ચિરાગ પટેલના કેસમાં પણ તટસ્થ અને ન્યાયી તપાસની ખાતરી ઉચ્ચારી હતી.

પત્રકારો પર હુમલા અને હિંસક ઘટનાઓના મુદ્દે તેમ જ ખાસ કરને ટીવી નાઈન ચેનલના પત્રકાર ચિરાગ પટેલના રહસ્યમય મોતની ઘટનાને લઈ તટસ્થ તપાસની માંગ સાથે આજે અમદાવાદ પત્રકાર સુરક્ષા સમિતિના સભ્યો શહેર પોલીસ કમિશનર એ.કે.સિંઘને રૂબરૂ રજૂઆત કરવા પહોંચ્યા હતા. સમિતિના સભ્યો એવા વરિષ્ઠ પત્રકારો હરિભાઈ દેસાઈ, પદ્મકાંતભાઈ ત્રિવેદી, ડો.ધીમંત પુરોહિત, દર્શના જામીનદાર અને અભિજીત ભટ્ટ સહિતના પ્રતિનિધિમંડળે પોલીસ કમિશનરનું પત્રકારોની સુરક્ષાના સંવેદનશીલ મુદ્દે ધ્યાન દોર્યું હતું.